ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43
26300126

# ગુજરાત યુનિવર્સિટી
**GUJARAT UNIVERSITY**
www.gujaratuniversity.org.in

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

Office of the Gujarat University,
Post Box No 4010,
Navarangpura, Ahmedabad - 380 009

નં.એકેડેમિક/ ૧૨ ૯૦૯/૨૦૨૫

તા. ૦૬/૧૨/૨૦૨૫

## <u>પરિપત્ર</u>

**પ્રતિ,**
**ગુજરાત યુનિવર્સિટી ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા વિભાગના વડાશ્રીઓ**

**વિષયઃ ગુજરાત યુનિવર્સિટીના ૭૫માં વાર્ષિક અહેવાલમાં સમાવિષ્ટ કરવાની વિગતો મોકલવા અંગે.**

શ્રીમાન,

ગુજરાત યુનિવર્સિટીના <u>**વર્ષ ૨૦૨૪-૨૦૨૫ (તા.૦૧/૦૪/૨૦૨૪ થી ૩૧/૦૩/૨૦૨૫)ના સમયગાળાનો**</u> ૭૫મો વાર્ષિક અહેવાલ તૈયાર કરવાનો હોવાથી ઉપરોક્ત સમયગાળાને અનુલક્ષીને આપના હસ્તકના <u>**ભવન વિષયક માહિતી નિયત પત્રક**</u> કે જે યુનિવર્સિટી વેબસાઇટ પર ઉપલબ્ધ છે તેમાં નીચે દર્શાવ્યા મુજબના ફોન્ટ વિવરણમાં મોકલવાની રહેશે,આપના દ્વારા મોકલવામાં આવતી વિગતો <u>**વિભાગના ફોર્વર્ડીંગ લેટર**</u> સાથે <u>**પ્રમાણિત કરી**</u> (હાર્ડ કોપી)તા.૨૪/૧૨/૨૦૨૫ સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયને અવશ્ય પહોંચતી કરશો.

વધુમાં સોફટકોપી(Word તથા Excel open file) <u>75guannualreport@gmail.com</u> પર મોકલવાનું અવશ્ય રાખવુ,ત્યારબાદ આવેલી માહિતીનો સમાવેશ શક્ય બનશે નહી,તેની નોંધ લેવા વિનંતી છે,વિગતો અંગે નીચેની સૂચનાઓ ધ્યાનમાં લેવી જરૂરી છે.

<u>**નોંધઃ (પ્રોફોર્મા)નિયત પત્રક ગુજરાત યુનિવર્સિટીની વેબસાઇટ પર ઉપલબ્ધ છે (Home Page-footer-College/Departmentમાં word File અને Excel File)**</u>

૧. અધ્યાપકોને લગતી આ પત્રકના પ્રોફોર્મા પ્રમાણેની વિગતો જ મોકલવી,પાછળથી છુટક માહિતી મોકલવી નહી તેમજ આ પત્રકમાં નિર્દિષ્ટ બાબતો સિવાયની કોઇપણ વધારાની બીડેલ માહિતી રદ્દ ગણાશે.
૨. જે તે ડીપાર્ટમેંટ બધા જ અધ્યાપકોની માહિતી એકજ ફાઇલમાં આ ફોર્મેટ અને તેમાં જણાવેલ નોંધ મુજબ નક્કી કરેલા મથાળાની માહિતી મુજબ જ મોકલવી.
૩. અધ્યાપકો પોતાના લેખ વિશેની માહિતી મોકલે ત્યારે સંશોધનને લગતા રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાના અથવા રિસર્ચ જર્નલ તરીકે સ્વીકૃતીપામેલા ખ્યાતનામ સંશોધન સામાયિકમાં ઉપરોક્ત સમયગાળા દરમ્યાન પ્રસિધ્ધ થયેલા નોંધપાત્ર સંશોધન લેખો અંગેની જે વિગતો મોકલેલ હશે તેમાંથી શક્ય હશે તેટલા જ લેખોને અહેવાલમાં સ્થાન આપી શકાશે.સામાયિકનું નામ,પ્રકાશનનો મહિનો,વર્ષ વિગેરે વિગતો પ્રોફોર્માના નમૂના મુજબ અચુક દર્શાવવી ,પ્રોફોર્મા પ્રમાણે વિગતો દર્શાવિલી નહી હોય તો તેનો અહેવાલમાં સમાવેશ થશે નહી.
૪. અધ્યાપકોએ UGC કે યુનિવર્સિટી પ્રેરિત રીફ્રેશર કોર્ષમાં ભાગ લીધો હોય તો જ તેની વિગતો મોકલવી,રાજ્ય/રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય કક્ષાના વર્કશોપ/પરિસંવાદમાં યુનિવર્સિટી કે કોલેજના પ્રતિનિધિ તરીકે હાજર રહી પેપર રીડિંગ કર્યુ હોય તેવા કાર્યક્રમ વિશેની માહિતી પ્રોફોર્મામાં મોકલાવેલ,પ્રોફોર્મા પ્રમાણે વિગતો દર્શાવિલ નહી હોય તો તેનો અહેવાલમાં સમાવેશ થશે નહી.
૫ યુનિવર્સિટીની ગરીમા,સાતત્ય,પ્રતિષ્ઠાને અનુલક્ષીને આપનો અંગત અહેવાલ ન મોકલતા વિભાગનો સર્વાંગી અહેવાલ મોકલાવાનો રહેશે.
૬ પ્રાપ્ત માહિતી માંથી પ્રકાશિત કરવા અંગેના નિર્ણયની સત્તા યુનિવર્સિટી હસ્તક રહેશે.

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

www.gujaratuniversity.org.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43
26300126

Office of the Gujarat University,
Post Box No 4010,
Navarangpura, Ahmedabad - 380 009

૭. યુનિવર્સિટી જે તે ભવનના જુદા જુદા વિભાગોની એકત્રીત કરેલ ભવનના અધ્યક્ષશ્રીએ/ ડીરેક્ટરશ્રી દ્વારા ફોર્વર્ડીંગ લેટર સહિત કુલસચિવશ્રી ગુજરાત યુનિવર્સિટી ,અમદાવાદના નામે આપવાની રહેશે.ભવનના કોઇ વિભાગ દ્વારા સીધી મોકલાવેલ માહિતી સ્વીકારવામાં આવશે નહીં

૮. વાર્ષિક અહેવાલ માટેની માહિતી સોફ્ટકોપી(Word ,Excel open file) e-mail ID:75guannualreport@gmail.com પર મોકલવી.

**---Font Format---(MS-Word)**

- Font Type: ગુજરાતી શ્રુતિ (Shruti Fonts) અને જ્યાંજરૂર હોય ત્યા અંગ્રેજીમાં ટાઇમ્સ ન્યુ રોમન(Times New Roman fonts)
- Font Size: ગુજરાતી શ્રુતિ (Shruti Fonts) :11 અને અંગ્રેજીમાં ટાઇમ્સ ન્યુ રોમન(Times New Roman fonts) 12 રાખવી.
- Page Number : બીડાણ મુજબ (Centre Middle Bottom) Times New Roman font: (size:12)
- Page Header : બીડાણ મુજબ (Top Left)Times New Roman font: (size:12)
- Page Footer : બીડાણ મુજબ (Centre Middle Bottom) શ્રુતિ (Shruti Fonts)(Size:11)

**ખાસ નોંધઃ અન્ય ફોન્ટમાં આવેલ માહિતી દરેક કોમ્પ્યુટરમાં સપોર્ટ ન કરતી હોવાથી ઉપરોક્ત ફોન્ટ ફોર્મેટ મુજબની માહિતી આપવા આપનો સહકાર મળી રહેશે તેવી અપેક્ષા છે, તમામ માહિતી દર્શાવ્યા મુજબના ફોન્ટ મુજબ આપવાની રહેશે અન્ય ફોન્ટમાં આવેલ માહિતીને અહેવાલમાં સમાવીષ્ટ કરી શકાશે નહી.**

આભાર સહ.....

આપનો વિશ્વાસુ,

કા.કુલસચિવ.

બીડાણઃઉપર મુજબ.